## ગાંધીનગર મને ગમે છે...



**નિયતી કાપડિયા**
**(પરફેક્ટ સ્કિન કેર, સેક્ટર-૨૧, ફાર્માસિસ્ટ & યુવા સર્જક)**

ગુજરાતનું એકમાત્ર એવું શહેર જેને યોજના મુજબ નક્કી કરીને બનાવ્યું છે. ત્રીસ સેકટરોમાં વહેંચાયેલા આ શહેરનું એક એક સેકટર એક નાના નગર જેવું છે. દરેક સેકટરમાં તમને સરકારી દવાખાનું, સરકારી શાળા, ખરીદી માટે શોપિંગ સેન્ટર અને બાળકો માટે બગીચો જોવા મળશે. આ તો થઈ આ શહેર મને વિસ્મય કેમ પમાડે છે એની વાત પણ હું આ શહેરના પ્રેમમાં કેમ પડી એ જાણવા તમારે મારા ભૂતકાળમાં ડોકિયું કરવું પડશે.

એ સાલ હતી ૧૯૯૩ની જ્યારે અમે લોકો સપરિવાર આ શહેરમાં વસવા માટે આવ્યાં હતાં. મારા પપ્પા સચિવાલયમાં અધિકારી હતા અને એમને એ વખતે સેકટર એકવીસમાં "ચ" ટાઈપનું મકાન રહેવા માટે ફાળવાયું હતું. મેં તો જ્યારે પહેલી વખત સાંભળ્યું કે "ચ" ટાઈપમાં રહેવા જવાનું છે ત્યારે જ નવાઈ લાગી હતી. સોસાયટીના નામ સાંભળવા ટેવાયેલા મારા કાન માટે એ નવું હતું. આ શહેરમાં બધા સરકારી આવાસને ચ, છ, જ, ગ એવા નામથી વર્ગીકૃત કરાયા છે. શહેરના માર્ગોના નામ પણ એ રીતે જ કક્કાના અક્ષરોથી પાડવામાં આવ્યા છે. અમદાવાદ વાળા ભલે કહે કે ગાંધીનગરમાં આવીએ એટલે ભૂલું પડી જવાય છે હું તો કહું છું ગાંધીનગરમાં તમે ગમે તે રસ્તા ઉપર ચાલ્યા જતા હો, કોઈ એક સર્કલ આવે એટલે એના નામ પરથી તમને

● અનુસંધાન પાન-૭ પર

# શોભાના ગાઠિયા સમાન સરકારી મકાનોની ખંડેર હાલત

**બે કોન્ટ્રાક્ટરોના ઝઘડામાં કોર્ટ કેસ થતાં અધુરી હાલતમાં પડી રહેલા સે. ૨૩-બી વન ટાઈપના મકાનોનો કોઈ રણીધણી નથી**





ગાંધીનગર, તા. ૧

ગ્રીનસીટી, શિક્ષણની નગરી એવા ગાંધીનગરમાં ૩૧ વર્ષથી ખંડેર હાલતમાં સરકારી મકાનો જોવા મળી રહ્યા છે. સેક્ટર-૨૩માં બી-૧ ટાઈપમાં વર્ષ ૧૯૯૧માં પાંચથી છ કોન્ટ્રાક્ટરો દ્વારા આ બાંધકામ હાથ ધરાયું હતું. જેમાં બે કોન્ટ્રાક્ટરો વચ્ચે માથાકૂટ થતા આ મકાનોનું બાંધકામ અટકી ગયું હતું અને સમગ્ર મામલો કોર્ટમાં ગયો હતો. જે આજદિન સુધી આ કેસમાં કોઈ નિર્ણય આવ્યો જ નથી.

સેકટર-૨૩માં અધુરી હાલતમાં પડી રહેલા આ મકાનો સંપૂર્ણ રીતે ખંડેર બની જવા પામ્યા છે. આસપાસ રહેતા વસાહતીઓ પણ આ મકાનોની દૂર્દશાથી આ ખંડેર મકાનો ક્યારે તૂટે તેની રાહ જોવે છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ૩૧ વર્ષથી અધૂરા બાંધકામવાળા આ મકાનોમાં રાત્રી દરમિયાન અસામાજિક તત્વોનો અડ્ડો જામતો હોવાની સાથે દારૂ, જુગારની મહેફિલો, પ્રેમી પંખીડાઓ વિગેરેની અવરજવર જોવા મળે છે. આ સરકારી મકાનોની આસપાસ રહેણાંક વિસ્તાર હોવાથી નાના નાના બાળકો રમતા હોય છે. જેને લઈ માતા-પિતા પણ આ ખંડેર મકાનોમાં ક્યાંક બાળકો ન જાય તેવા ભયમાં રહેતા હોય છે. આ મકાનો ગમે તે સમયે ભૂસ્ખલન પણ થઈ શકે તેવી ગંભીર હાલતમાં દેખાઈ રહ્યા છે. ત્યાંથી પસાર થઈ રહેલા વાહન ચાલકો અને રાહદારીઓને પણ ડરનો અનુભવ થતો હોય છે. આ ખંડેર મકાનોમાં ઝેરી જીવજંતુઓનો વસવાટ પણ હોઈ શકે છે.

સરકારી તંત્ર દ્વારા આ ખંડેર મકાનો વિશે કોઈ કાર્યવાહી કરવામાં આવી રહી નથી. લાગતા વળગતા બીજા કોન્ટ્રાક્ટરો પણ આ અંગે કોઈ જવાબદારી ન દાખવતા આ મકાનો વર્ષોથી આ જ હાલતમાં પડી રહ્યા છે. કોન્ટ્રાકોટરોએ અંગત ફાયદાઓને કારણે માથાકૂટ કરતા આ મકાનોનો રણીધણી કોઈ નથી. આ કેસની તાત્કાલિક કાર્યવાહી થકી ચોક્કસ કોઈ નિર્ણય આવે તેવી માંગ ઉઠી રહી છે.

એક તરફ સરકારી તંત્ર દ્વારા સરકારી ખખડધજ મકાનોને તોડીને નવા મકાનોમાં રહેણાંકોની ફાળવણી કરાઈ રહી છે. દબાણો હટાવીને શહેરમાં મંદિરો, દુકાનો, મકાનોને તોડી પાડવામાં આવ્યા જ્યારે આ ખંડેર મકાનો સામે આંખ આડા કાન હોય તેવું દેખાઈ રહ્યું છે. વિકાસના કાર્યોમાં આ ખંડેર મકાનોને તોડીને ઝડપથી કોઈ સરકારી ઈમારત બનાવી સરકારી જગ્યાને ઉપયોગમાં લેવાય તેવી માંગણી કરવામાં આવી રહી છે.



ચાંદખેડા ખાતે ભોડીયા ગૃપ ધ્વારા આયોજિત છાશ વિતરણ ની વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા અને કાર્યક્રમ ને સફળ બનાવવા ભારતીય જનતા પાર્ટી ના દરેક નાનામાં નાના કાર્યકરોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ગુજરાતમાં કામધેનુ યુનિવર્સિટી અને મહારાષ્ટ્રની ગોટ હેલ્થ કેર પ્રા.લિ. વચ્ચે એમઓયુ થયા

ગાંધીનગર, તા. ૧

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા તા. ૧ એપ્રિલ, ૨૦૨૨નાં રોજ ગુજરાતમાં બકરાં સ્વાસ્થ્ય જાળવણી માટે મહારાષ્ટ્રની બીન સરકારી સંસ્થા 'ગોટ હેલ્થ કેર પ્રા. લિ.' સાથે એમઓયુ કરવામાં આવેલ. આ એમઓયુમાં ગુજરાતમાં જુદી જુદી બકરાંની જાતોનાં બકરાં પાલકો માટે ઉત્તમ આહાર વ્યવસ્થા, બકરાં પાલનની જાણકારી, બકરીના દૂધનું મુલ્ય વર્ધન, બકરાં પાલકો માટે સ્થળ આધારિત તાલીમ, સંશોધન, તાંત્રિક સેમિનાર, બકરાં સારવાર કેમ્પ, વિષમ પરિસ્થિતિમાં રહેઠાણ, બકરીના દૂધની સાચવણી તેમજ સંવર્ધન જેવા વિવિધ પાસાઓને આવરી લેવામાં આવ્યા છે. કામધેનુ યુનિવર્સિટી અને મહારાષ્ટ્રની ગોટ હેલ્થ કેર પ્રા.લિ. વચ્ચે આજરોજ થયેલા એમઓયુ દરમ્યાન કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના કુલપતિ ડૉ. એન.એચ. કેલાવાલા, ગોટ હેલ્થ કેર પ્રા.લિ.ના ડાયરેક્ટર મધુસુદન નાયર, સુષ્મા નાયર, કામધેનુ યુનિવર્સિટીનાં સંશોધન નિયામક ડૉ. ડી.બી. પાટીલ, કુલસચિવ ડૉ. બી.પી. બ્રહ્મક્ષત્રી, તેમજ વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. જે.એસ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## નાટક, શોર્ટ મૂવી અને ટેકનિકલ સેશન દ્વારા તમાકુ મુકત શાળા બનાવવા અંગે સેમિનાર નુ આયોજન





ગાંધીનગર,તા.૦૧

ભારતમાં ધૂમ્રપાનથી દર વર્ષે ૧૩.૫ મિલિયન લોકો મૃત્યુ પામે છે અને ૨૭% લોકો તેના કારણે કેન્સરથી પીડાય છે. ગુજરાતમાં હાલમાં ૧૭.૪% પુરુષો, ૦.૭% સ્ત્રીઓ અને ૭.૭% પુખ્ત વયના લોકો ધૂમ્રપાન કરે છે. ૩૦.૨% પુખ્ત વયના લોકો તેમના કાર્યસ્થળો પર નિષ્ક્રિય ધૂમ્રપાનના સંપર્કમાં આવે છે.

આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત ગાંધીનગર અને ફેઈથ ફાઉન્ડેશન ના સંયુકત ઉપક્રમે ગાંધીનગર જિલ્લાની તમામ શાળાના આચાર્યઓને તમાકુ મુકત શાળા કરવા માટે તાલીમ આપવામાં આવી હતી.

આ તાલીમમાં ગાંધીનગર તાલુકા ના કમ્યૂનિટી હેલ્થ ઓફીસર ડૉ. દિનેશ પટેલ, એપીડેમોલોજીસ્ટ ડૉ. ગુલજાર અને નેહલ ગજેરા એ હાજરી આપી હતી. ફેઈથ ફાઉન્ડેશન, વડોદરા ના ફીલ્ડ ઓફીસર અક્ષય અગ્નિહોત્રી, દ્વારા ટેકનિકલ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તથા સંસ્થાના કાર્યકર્તાઓ દ્વારા નાટક ની પ્રસ્તુતી દ્વારા તમાકુ નિયંત્રણ કોટપા ૨૦૦૩ કાયદાની સરળ સમજણ આપવામાં આવી હતી.

## કોલેજોના પ્રાધ્યપકોએ હવે મસ્ટરમાં સહિ કરવી જ પડશે

ગાંધીનગર, તા. ૩૧

સરકારી કોલેજોના પ્રાધ્યપકોએ હવેથી મસ્ટરમાં હાજરી ફરજીયાત પુરવાની રહેશે. રાજયના ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી દ્વારા આ અંગેના આદેશો જારી કરે દેવામાં આવ્યા છે.

સરકારી કોલેજોના પ્રાધ્યાપકોએ વર્ગ-૨ના અધિકારી સમકક્ષ હોવાથી તેમને સહિ કરવામાંથી મુક્તિ આપવામાં આવી હતી પરંતુ ૨૦૦૬માં સરકારે કરેલા આ નિર્ણયમાં પુનઃ વિચારણા કરી હાજરી પત્રકમાં ફરજીયાત ટૂંકી સહિ કરવાના આદેશો કરવામાં આવ્યા છે.

કોલેજોના આચાર્યએ પણ મસ્ટરનું સતત નિરીક્ષણ કરી અને રિપોર્ટીંગ કરવાનું રહેશે.

## શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાસેયોની ગ્રામ શિબિરનો સમાપન

ગાંધીનગર, તા. ૧

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા રાજયપાલશ્રીનાં આહવાન પર પંચ પ્રકલ્પ વિષય પર રાસેયોની ગ્રામ શિબિરનો સમાપન કરવામાં આવશે જેનાં સમાપન સમારોહ પ્રસંગે અધ્યક્ષ ડૉ. જગદીશચંદ્ર સાવલિયા, ડીન શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા, મુખ્ય મહેમાન તરીકે ગિરધરભાઈ ઉપાધ્યાય, નિયામક ક્ષેત્રીય એન.એસ.એસ. કાર્યાલય અમદાવાદ, અતિથિ વિશેષનાં રૂપમાં રીતાબેન, અતિથિ વિશેષ તરીકે ડૉ. જમનાદાસ સાવલિયા- ભૂતપૂર્વ ડીન શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન ડૉ. વિજયભાઈ મકવાણાએ આપ્યું હતું અને શિબિરનો અહેવાલ શિબિર મંત્રી એલીસ ક્રિશ્ચિયન આપી હતી. સુતરની આંટીથી સ્વાગત શિબિર મંત્રી એલીસ ક્રિશ્ચિયન, ન્યુજી ત્રીવેદી, દીપક યાદવ, રણવીરસિંહ રહેવર, મિન્હાજ મીર, ઈન્ફાન્સીયો ડિકોસ્ટાએ કર્યું હતું. શિબિર પ્રત્યેનાં અભિપ્રાય સ્વય સેવક ઈન્ફાન્સીયો ડિકોસ્ટા અને દયાલી કુંવરે આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન રાસેયોનાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ કર્યું. પાંચ શ્રેષ્ઠ સ્વયસેવકો જસ્મીન ઠાકોર, ક્ષમા શર્મા, ઉર્વીશ મેવાડા, સંસ્કૃતિ જાની અને રાહુલ ચૌહાણને સમ્માનિત કરવામાં આવ્યું હતું મહિલા સશક્તિકરણનાં દાખલા શિબિર સંચાલિકા અને શિબિર મંત્રી એલીસ ક્રિશ્ચિયનને નિયામક ગિરધરભાઈ ઉપાધ્યાયના હસ્તે સમ્માનિત કરવામાં આવ્યું હતુ જ્યારે અતિથિઓને સ્મૃતિચિહ્ન તરીકે ગાંધીજીનાં સ્વાવલંબનનાં પ્રતિક ચરખા આપવામાં આવ્યું હતું.

## મૃદુ પણ મક્કમ, નિડર અને પરિશ્રમી મુખ્યમંત્રી તરીકે ઉભરી આવેલા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ

# ભૂપેન્દ્રભાઈ પટેલ સરકારના પ્રથમ ૨૦૦ દિવસની જનસેવા પરિશ્રમ યાત્રા

**- પુલક ત્રિવેદી**

૧૩મી સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જ્યારે પદભાર સંભાળ્યો તે ક્ષણે ગુજરાતના સાડા છ કરોડ નાગરિકોને અહેસાસ થયો કે, એક સરળ, સહજ અને સાલસ સ્વભાવના મૃદુ પણ મક્કમ જનનાયક ગુજરાતને મળ્યા છે. પારદર્શિતા અને સંવેદનશીલતા સાથે વિના વિલંબે મક્કમતાથી લોકોને સ્પર્શતા નિર્ણયો લેવાની એમની કુનેહનો આજે સમગ્ર ગુજરાતને પરિચય થઈ રહ્યો છે. માનવ માત્ર પ્રત્યેની તેમની સંવેદનાને સૌ કોઈ બિરદાવી રહ્યું છે. લોકોની વચ્ચે જઈને, લોકોના બનીને તેઓ લોકોના પ્રશ્નો મૃદુતાથી સાંભળે છે અને તેના ત્વરિત નિવારણ માટે મક્કમ નિર્ણયો લે છે. મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળ્યાના ૨૦૦ દિવસમાં તેમણે સમાજના તમામ વર્ગના અને વય જુથના લોકો અને તમામ વ્યવસાયના લોકોના ઉત્કર્ષ માટે અનેક નવતર પહેલ કરી છે. રાજ્યનાં પ્રત્યેક ખૂણામાં વસતાં યુવાનો, મહિલાઓ, ખેડૂતો, વંચિતો, વનબંધુઓ, ગ્રામજનોના સમૂચિત વિકાસ માટે જનકલ્યાણકારી યોજનાઓ અમલી બનાવીને સર્વસમાવેશક ઉત્કર્ષ કર્યો છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો સાલસ સ્વભાવ અને કામ કરવાની ધગશને સૌ કોઈ આવકારી રહ્યાં છે.

૨૦૦ દિવસના કાર્યકાળમાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની છબી એક મક્કમ પણ મૃદુ મુખ્યમંત્રી તરીકે ઉભરી આવી છે. સાડા છ કરોડ ગુજરાતીઓને વિકાસયાત્રામાં જોડીને એમણે જનહિતના કાર્યો માટે વ્યાપક જનશક્તિ ઉજાગર કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મૃદુ અને મક્કમ નેતૃત્ત્વના પ્રથમ ૨૦૦ દિવસના પરિશ્રમ ગાથા જોઈએ તો ૩૦૦થી વધુ સરકારી અને ખાનગી કાર્યક્રમો તથા બેઠકો, ૨૨,૦૦૦થી વધુ લોકો સાથે રૂબરૂ સંપર્ક, ૬૧,૦૦૦ કિલોમીટરનો વ્યાપક પ્રવાસ કરીને એમણે ગુજરાતના ખૂણેખૂણાના વિકાસ માટે નિષ્ઠાવાન પૂરૂષાર્થ આદર્યો છે.

સમગ્ર રાજ્ય અને રાષ્ટ્રના અર્થતંત્રમાં અને વિકાસ પ્રક્રિયામાં કૃષિ ક્ષેત્રની ભૂમિકા મહત્વની છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના ઉર્જાવાન નેતૃત્ત્વ હેઠળ ખેડૂત હિતલક્ષી મક્કમ નિર્ણયો લેવામાં આવ્યાં છે. ધરતીપુત્રોની આવકમાં વધારો જોઈ શકાય છે. ખેત ઉત્પાદનમાં વધારો થયો છે. ખેડૂતોની જમીન વધુ ફળદ્રુપ બને અને રાસાયણિક ખાતરોથી જમીનને થતા નુકશાનને અટકાવવા માટે ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને વિશેષ પ્રાધાન્ય આપી ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડની રચના કરવાની મહત્ત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. ગુજરાતના ડાંગ જિલ્લાને ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી આધારિત જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. ખેતરમાં ટ્રાન્સમિશન લાઈન તથા ટાવર ઉભા કરવા માટે ખેડૂતોને અપાતા ૭.૫ ટકાના આર્થિક વળતરને બમણું કરીને ૧૫ ટકા કરવામાં આવ્યું છે. ધરતીપુત્રોને રવિ તેમજ ઉનાળુ પાક માટે પણ વ્યાજ સહાય મળી રહે તે માટે, સાથે જ પશુપાલકો અને માછીમારોને કૃષિ સમકક્ષ ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ સહાય આપવાની નવી યોજના લઈને તેઓ આવ્યા છે.












### દેશભરમાં ગુજરાતે ચાતર્યો નવતર ચીલો

- ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે પ્રસિદ્ધ કરેલા લોજિસ્ટિક્સ ઈઝ એક્રોસ ધ સ્ટેટ (LEADS) – ૨૦૨૧ માં ગુજરાત પ્રથમ છે.
- નીતિ આયોગે જાહેર કરેલા એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ ઈન્ડેક્ષ-૨૦૨૧માં ગુજરાત સમગ્ર દેશમાં સતત બીજા વર્ષે ગુજરાત પ્રથમ ક્રમે. દેશનાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઉચ્ચ ગુણવત્તાની સપ્લાય ચેઈન અને ઓછા ખર્ચે લોજિસ્ટિક્સની પોતાની આગવી ક્ષમતાઓ પુરવાર કરીને આ ગૌરવ સિદ્ધિ મેળવી છે.
- નીતિ આયોગ દ્વારા જાહેર એક્સપોર્ટ કોમ્પિટેટીવનેસ ઈન્ડેક્સ – ૨૦૨૦ મુજબ નિકાસ ક્ષેત્રે સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે.
- નીતિ આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલા નાણાકીય વ્યવસ્થાપનના માપદંડોમાં ગુજરાત દેશમાં સર્વપ્રથમ છે.
- ભારત સરકારના ડી.એ.આર.પી.જી દ્વાર જાહેર કરવામાં આવેલા ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સમાં ગુજરાત દેશમાં સર્વપ્રથમ છે.

ડ્રોનના ઉપયોગથી ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ કરી ઉત્પાદન વધે અને કૃષિ ઈનપુટ ખર્ચ ઘટે, તે માટે નવતર અભિગમ અમલમાં મુકવા આવ્યો છે. કિસાન સૂર્યોદય યોજના હેઠળ ખેડૂતોને દિવસનાં સમયે વીજળી આપવામાં આવે છે. પેન્ડીંગ વીજ કનેકશનો સત્વરે પૂરા પાડવાની દિશામાં મક્કમ નિર્ધાર સાથે રૂ. ૧૦૪૬ કરોડની માતબર રકમ ફાળવી આપવામાં આવી છે. રાજ્યની ગૌશાળા, પાંજરાપોળો અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓને ગૌવંશ નિભાવ તેમજ માળખાકીય સગવડોના વિકાસ માટે તેમણે "મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' શરૂ કરી છે.

વંચિતો, ગરીબો, આદિવાસીઓ હોય કે વિચરતી વિમુકત આ તમામની પડખે અડિખમ રીતે ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર ઊભી છે. રાજ્યનાં નિરાધાર વૃદ્ધ પેન્શન યોજનાનું ૬૦ થી ૮૦ વર્ષની વયના લોકોને અપાતું પ્રતિમાસ પેન્શન ૭૫૦ થી વધારીને ૧૦૦૦ અને ૮૦ વર્ષથી વધુના નિરાધારોનું પ્રતિમાસ પેન્શન ૧૦૦૦ થી વધારી ૧૨૫૦ કરવામાં આવ્યું છે.

રાજ્યના ૩૬ લાખ પછાત વર્ગના વિદ્યાર્થીઓને અપાતી ગણવેશ સહાય રૂપિયા ૬૦૦ થી વધારીને રૂપિયા ૯૦૦ કરવામાં આવી છે. સમાજનાં સૌહાર્દનું વાતાવરણ રહે તે માટે આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં હાલની એક લાખની સહાયને વધારીને રૂ. ૨.૫૦ લાખ કરવામાં આવી છે.

વન અધિકાર અધિનિયમ અન્વયે ૧૬,૫૭૨ આદિવાસીઓને જમીનના અધિકારો અપાયા છે. આદિજાતિ વિસ્તારોમાં બે વર્ષમાં ૫૦૦ નવા મોબાઈલ ટાવર્સ ઉભા કરી, ઈ-કોમર્સ તથા ઈન્ટરનેટ સંબંધિત કાર્યોને ગતિ આપવામાં આવી રહી છે. વનબંધુઓના બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ માટે પૂર્વ પટ્ટીમાં રૂ. ૪૫ કરોડનાં ખર્ચે ૨૫ બિરસામુંડા જ્ઞાનશક્તિ રેસિડેંસિયલ સ્કુલ ઓફ એક્સલન્સ શરૂ થવા જઈ રહી છે.

નારી શક્તિનું સન્માન, મહિલા સશક્તિકરણને પ્રાધાન્ય આપતી રાજ્ય સરકારે આ વર્ષનાં બજેટમાં મહિલા વિકાસની યોજનાઓ માટે ૪૨ ટકાનો નોંધપાત્ર વધારો કર્યો છે. તંદુરસ્ત રાજ્ય-રાષ્ટ્રનાં નિર્માણ માટે "એક હજાર દિવસની સંભાળ, સ્વસ્થ રહે માતા અને બાળ'' આ મંત્ર સાથે સુપોષિત માતા સ્વસ્થ બાળ યોજના શરૂ કરવામાં આવી છે. આદિજાતિ વિસ્તારોમાં સગર્ભા માતાઓને પૂરક પોષણ માટેની 'પોષણ સુધા યોજના'નો વ્યાપ વધારીને વધુ ૭૨ તાલુકા સુધી લઈ જવામાં આવી છે.

### જનસેવાની નિષ્ઠાપૂર્વકની પ્રતિબધ્ધતા

- **સુશાસન સપ્તાહ** : રૂ. ૯૭૮.૫૮ કરોડના ખર્ચે ૨૦,૧૯૦ કામોના ખાતમુહૂર્ત, રૂ. ૬૬૩.૧૦ કરોડના ૨૨,૪૯૦ કામોના લોકાર્પણ કરવામાં આવ્યાં. જેનો લાભ ૨.૭૦ લાખથી વધુ લોકોને મળ્યો.
- **આત્મનિર્ભર ગ્રામયાત્રા** : માત્ર ત્રણ દિવસમાં રૂ. ૧૫૦૦ કરોડના ખર્ચે ગ્રામજનોના સર્વાંગી વિકાસ માટે ૪૩,૦૦૦ જેટલા ગ્રામ વિકાસના કાર્યો કરવામાં આવ્યા.
- **'આપણું ગામ, આપણું ગૌરવહ્ઘ ગુજરાત પંચાયત મહા સંમેલન** : સમગ્ર રાજ્યના પંચાયતના પ્રતિનિધિઓને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૩ સુધીમાં ગામડાઓને સમૃદ્ધ અને સમર્થ બનાવવા ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.
- **સેવાસેતુ કાર્યક્રમ** : સાત તબક્કામાં ૨.૪૬ કરોડ કરતા વધુ અરજીઓ પૈકી ૯૯.૮૭ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો.
- મહેસૂલ મેળા રાજ્યના નાગરિકોને ઘર આંગણે નામ કમી કરવુ, નવું ઉમેરવું, સર્વે, નવી એન્ટ્રી તેમજ રિ-સર્વે જેવા પ્રશ્નોનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યા.
- **ગરીબ કલ્યાણ મેળા** : આ મેળાની ૧૨મી શૃંખલામાં ૧૭,૩૦,૬૫૩ લાભાર્થીઓને રૂ.૭૬૧૦.૫૮ કરોડની કુલ સહાય સ્થળ પર જ ચૂકવવામાં આવી.

યુવાનોના કૌશલ્ય નિર્માણ થકી આત્મનિર્ભર દેશના નિર્માણની દિશામાં ગુજરાત મક્કમતાથી આગળ વધી રહ્યું છે. નવી શિક્ષણ નીતિના દિશા-દર્શનના રોડમેપ અને Student Startup and Innovation Policy 2.0નું લોન્ચિંગ કરવામાં આવ્યું છે.

ગુજરાત સરકારે રાજ્યમાં બાયોટેકનોલોજી ક્ષેત્રના વિકાસ અને વૈશ્વિક સ્તરે સ્પર્ધામાં ટકી રહેવા નવી બાયોટેકનોલોજી પોલિસી અમલી બનાવી છે.

આઈ.ટી. ક્ષેત્રે રોજગારીની નવી તકો સર્જાવા અને મૂડીરોકાણ આકર્ષવા આઈ.ટી. અને આઈ.ટી.ઈ.એસ. પોલીસી બનાવી છે. વર્ષ ૨૦૨૨થી વર્ષ ૨૦૨૭ માટે નવી રમતગમત નીતિ જાહેર કરી છે.

કોરોના મહામારીનો મક્કમતાથી સામનો કરવામાં ગુજરાતે દેશભરમાં અગ્રણી રહ્યું છે. ગંભીર રીતે બીમાર દર્દીઓને ઝડપથી સારવાર મળે તે માટે એર એમ્બ્યુલન્સ શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. કોરોના મહામારી સામે રક્ષણ મેળવવા માટે અમોઘ શસ્ત્ર સમાન કોરોના વેક્સિનના ૧૦ કરોડથી વધુ ડોઝ નાગરિકોને આપવાની આગવી સિદ્ધિ ગુજરાતે હાંસલ કરી છે.

વૈશ્વિક સ્પર્ધામાં દેશને અગ્રિમ હરોળમા લઈ જવામાં ગુજરાતની ભૂમિકા મહત્વની છે. વિકાસની ગતિને જાળવી રાખવા માટે શિક્ષણ મહત્વનું પરીબળ છે. રાજ્યના બાળકને શૈક્ષણિક રીતે ઉત્તમ વાતાવરણ આપવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં રાજ્ય સરકાર સજાગ પ્રયાસો કરી રહી છે. બાળકોમાં સંસ્કાર સિચનને પ્રાધાન્ય આપવા માટે શિક્ષણમાં ભાગવત ગીતાનો સમાવેશ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.

ધોરણ ૧૦ પછીના ડિપ્લોમા તેમજ ડિપ્લોમાથી ડિગ્રીમાં પ્રવેશ મેળવતા યુવાનોને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો આપવાના નિર્ણયથી વાર્ષિક ૪.૫૦ લાખ આવક ધરાવતા રાજ્યના અનેક પરિવારના યુવાનોને આ યોજનાનો લાભ મળશે. રાજ્યની શાળાઓમાં માળાખાકીય સગવડો અને શિક્ષણમાં ગુણાત્મક સુધારા માટે મિશન સ્કુલ એક્સેલેન્સ યોજનાનો સુદ્રઢ અમલ કરવામાં આવ્યો છે.

રાજ્યની યુનિવર્સિટીઓને વૈશ્વિક કક્ષાની બનાવવા માટે આગામી ૪ વર્ષનો પરિણામલક્ષી રોડ મેપ તૈયાર કરવામાં આવ્યો છે.










